## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ડેડી, કેટલી વખત કહ્યું કે મારા મેમ ઓનલાઈન ક્લાસ લેતા હોય ત્યાં તમે પાછળ આ રીતે ફરો નહીં...!!


# હવે, લગ્ન પ્રસંગોમાં ૨૦૦ વ્યક્તિઓને મંજૂરી

### અનલોકમાં વધુ રાહત આપતી રાજ્ય સરકાર : બંધ હોલમાં ક્ષમતાથી અડધા લોકોને ભેગા થવા મંજૂરી

ગાંધીનગર, તા. ૨

કોરોનાના કેસો ઘટી રહ્યા છે, ત્યારે અનલોકની પ્રક્રિયામાં પણ વધુને વધુ છૂટછાટ અપાઈ રહી છે. જેના અનુસંધાને કેન્દ્ર સરકારની ગાઈડલાઈન અનુસાર, ગુજરાત સરકારે પણ લગ્નપ્રસંગમાં ૨૦૦ લોકોને ભેગા થવાની છૂટ આપી છે.અત્યારસુધી લગ્નપ્રસંગમાં ૧૦૦ લોકો જ ભેગા થઈ શકતા હતા. જેમાં હવે વધારો કરવામાં આવ્યો છે. જોકે, બંધ હોલમાં જો લગ્નપ્રસંગ હોય તો હોલની કેપેસિટીના અડધા લોકો જ ભેગા થઈ શકેશે.સરકારે એવી પણ સ્પષ્ટતા કરી છે કે છૂટ ભલે ૨૦૦ લોકોને એકત્ર થવાની આપી હોય, પરંતુ તેમાં માસ્ક પહેરવા અને સોશિયલ ડિસ્ટન્સિંગ સહિતના નિયમોનું પાલન કરવાનું રહેશે.

લગ્ન અને મરણ જેવા પ્રસંગોમાં જ સૌથી વધુ લોકો એકત્ર થતા હોય છે. જોકે, ભીડભાડમાં કોરોના વધુ ફેલાતો હોવાના કારણે સરકારે તેના પર આકરા નિયંત્રણો લાદ્યા હતા. બીજી તરફ, લોકડાઉન અને કોરોનાને કારણે અનેક લગ્નપ્રસંગો પણ રદ થયા હતા.



સપ્ટેમ્બર મહિનાની સરખામણીમાં ઓક્ટોબરમાં ગુજરાતમાં કોરોનાના કેસોમાં ખાસ્સો ઘટાડો થયો છે. ગઈકાલે રાજ્યમાં ૯૦૦થી ઓછા નવા કેસો નોંધાયા હતા. નવા કેસોમાં ઘટાડો થવાની સાથે રિકવરી રેટમાં વધારો થયો છે, અને મૃત્યુદરમાં પણ ઘટાડો નોંધાયો છે.

કોરોનાને કારણે આ વર્ષે ગુજરાતમાં નવરાત્રીમાં ગરબા માટે છૂટ પણ નહોતી અપાઈ. હવે દિવાળીના તહેવાર પણ નજીક આવી રહ્યા છે, ત્યારે પણ લોકોને બને ત્યાં સુધી ઘરે રહીને જ ઉજવણી કરવા અપીલ કરવામાં આવી રહી છે.

કેન્દ્રિય આરોગ્ય મંત્રી હર્ષવર્ધને પણ તાજેતરમાં ચેતવણી આપી હતી કે તહેવારોમાં લોકો ઘરોની બહાર વધુ નીકળશે અને તેનાથી કોરોનાના કેસ વધી શકે છે. તેમણે તહેવારોના સમયમાં સાચવી લઈને અત્યારસુધીની કોરોનાની લડત પર પાણી ન ફરી જાય તે સુનિશ્ચિત કરવા પણ લોકોને અપીલ કરી હતી.

ઉલ્લેખનીય છે કે, કેરળમાં ઓણમના તહેવાર બાદ કોરોનાના કેસોમાં જોરદાર ઉછાળો નોંધાયો છે, અને અત્યારે તો સ્થિતિ એવી છે કે કેરળમાં સૌથી વધુ કેસ ધરાવતા મહારાષ્ટ્ર કરતાં પણ વધુ રોજિંદા નવા કેસો સામે આવી રહ્યા છે. મહારાષ્ટ્રમાં પણ ગણેશોત્સવ બાદ કોરોનાના કેસોમાં જંગી ઉછાળો આવ્યો હતો. એક તરફ શિયાળો પણ શરુ થઈ રહ્યો છે, અને ઠંડી તેમજ પ્રદૂષણમાં કોરોના વધુ વકરી શકે તેવી ચેતવણી એક્સપર્ટ્સ આપી ચૂક્યા છે.

દિલ્હીમાં પણ હવે કોરોનાના કેસો વધી રહ્યા છે. યુરોપ તેમજ અમેરિકામાં પણ કોરોનાનો બીજો રાઉન્ડ શરુ થયો છે. તેવામાં ભારતમાં કોરોના સામેની લડાઈ પૂરી થઈ ગઈ છે તે માનવાને કોઈ કારણ નથી. તેવામાં તેનાથી બચવાનો એકમાત્ર ઉપાય હાલ તો સાવધાની જ છે.

## ખૂણેખાંચરેથી

- આજે જાહેર જનતાની મુલાકાત માટેનો દિવસ નિયત થયો હોવા છતાં અધિકારી-પદાધિકારીઓ હાજર ન હોવાથી મુલાકાતીઓ નિરાશ થઈ પરત ફર્યા હતા.
- સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૧ને લઈ મનપાએ તૈયારીઓ આરંભી છે. આગામી દિવસોમાં નગરજનો મોબાઈલમાં એપ ડાઉન લોડ કરે તેનુ અભિયાન હાથ ધરવામાં આવશે.
- ગાંધીનગરના કોલવડા કોવિડ કેર સેન્ટરમાં શિયાળાનું આગમન થતાં જ દર્દીઓ માટે ગરમ ધાબળા અને ગીઝરની ખરીદી જિલ્લાતંત્ર દ્વારા કરાઈ છે.
- જિલ્લામાં આજે સતત પાંચમા દિવસે કોરોનાથી સંક્રમિત થનાર દર્દીઓ કરતાં કોરોનામુક્ત થયેલ દર્દીઓની સંખ્યા વધુ છે.
- પેટા-ચૂંટણીઓના મતદાન પૂર્વેના આજે આખરી દિવસે પાટનગરમાં રાજકીય બેઠકોનો ધમધમાટ વધુ રહેવા પામ્યો હતો.
- દિપાવલી પર્વના દિવસો નજીક આવતા જાય છે પણ બજારોમાં ઘરાકી જોવા મળતી નથી.

## રાજ્યની તમામ કોલેજોને ફાયર વિભાગની એનઓસી બે દિવસમાં આપવા તાકીદ

ગુજરાત હાઈકોર્ટમાં સ્કૂલ-કોલેજોમાં ફાયર એનઓસી અંગે જાહેર હિતની દાખલ થયેલી અરજીમાં ૪, નવેમ્બરે સુનાવણીમાં સરકારે જવાબ આપવાનો છે. જેથી શિક્ષણ વિભાગે રાજ્યની તમામ કોલેજોને તાત્કાલિક ફાયર એનઓસી મેળવી લેવા અને તેની વિગતો બે દિવસમાં મોકલી આપવા આદેશ કરતા કોલેજ સંચાલકો મૂંઝવણમાં મુકાયા છે. શુક્રવાર, શનિવાર, રવિવારની રજા ગયા બાદ આવતીકાલે ઉઘડતા સપ્તાહથી સંચાલકોને એનઓસી માટે દોડધામ કરવી પડશે.

## વિક્રમસિંહ ગોલ રાજપૂત સમાજના પ્રમુખ વરાયા

ગાંધીનગર, તા. ૨

રાજપૂત સમાજ ગાંધીનગરની સામાન્ય સભા હાલમાં કેસરીસિંહ વાઘેલાના અધ્યક્ષ પદે મળી હતી. જેમાં સર્વાનુમતે આવનાર બે વર્ષ માટે વિક્રમસિંહ ગોલની વરણી કરવામાં આવી. આ સભામાં હિતેન્દ્રસિંહ રાઓલ દ્વારા વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૦ નો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં ભવન નિર્માણની ગાથા તથા સંગઠનની વાત લાલસિંહ વાઘેલા દ્વારા કરવામાં આવી. પી.પી. બિહોલા, વિક્રમસિંહ તથા શંકરસિંહ દ્વારા પ્રાસંગિક પ્રવચન કરવામાં આવ્યુ.



વિક્રમસિંહ ગોલે સમાજને ૨૫ લાખ રૂપિયાનું માતબર દાન આપ્યુ. શહેર રાજપૂત સમાજના પ્રમુખ તરીકે સમાજના ભામાશા અને અગાઉ રાજપૂત સમાજના પ્રમુખ રહી ચુકેલા એવા વિક્રમસિંહ ગોલ વાવોલ-૨૦૨૧ માટે સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. સમાજના અગ્રણીઓએ વિક્રમસિંહ ગોલને શુભેચ્છાઓ પાઠવી હતી.

## કાયમી કરવાની માંગ સાથે કોરોના વોરિયર્સનું ગાંધીનગરમાં પ્રદર્શન

ગાંધીનગર, તા. ૨

સિવિલ હોસ્પિટલના લેબ ટેક્નિશિયન અને લેબ આસિસ્ટન્ટ આજે કાયમી કરવાની માંગ સાથે ગાંધીનગર પહોંચ્યા હતા. પરંતુ કોરોનાકાળમાં કપરી કામગીરી બજાવનાર આ કર્મચારીઓ જ્યારે પોતાના હક માટે સરકાર સામે પહોંચ્યા તો તેઓની અટકાયત કરવામાં આવી હતી. ત્યારે ફરી એકવાર ભરતી મુદ્દે ગુજરાતમાં વિરોધ પ્રદર્શન જોવા મળ્યું છે.

# મુસાફર તરીકે ગાડીમાં બેસાડી નજર ચુકવી રૂપીયા કે દાગીના સેરવી લેતી ટોળકીનો સભ્ય ઝડપાયો

ગાંધીનગર, તા.૨

અડાલજ પીકઅપ બસ સ્ટેન્ડથી એક શખ્સને મહેસાણા માટે બેસાડ્યો હતો. ત્યારબાદ તેની નજર ચુકવીને તેના ખિસ્સામાં રહેલા રૂ.૧ લાખથી રૂપીયા કાઢી લીધા હતા અને મુસાફરને માર્ગમાં ઉતારી દીધો હતો. આ ગુનો આચરનાર ગેંગના એક સાગરીતને રોકડા રૂ.૩૬ હજાર તેમજ ઈનોવા ગાડી મળી કુલ રૂ. ૩,૪૧,૦૦૦ હજારના મુદ્દામાલ જપ્ત કરી એલસીબી-૨ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ આ ટોળકીએ મહેસાણા જિલ્લાના બલોલ ખાતે રહેતા હસમુખભાઈ છનાભાઈ રાવળના દોઢ લાખ રૂપીયા સેરવી લીધા હતા. પાલા વાસણા ચોકડી ખાતે ઓટો કન્સલ્ટની ઓફિસ ખાતે નોકરી કરતા હસમુખભાઈ તા.૨૨ ઓકટોબરના રોજ સરખેજ ગાડી લેવા માટે ગયા હતા. જેથી શેઠે તેમને દોઢ લાખ રૂપીયા કેશ આપ્યા હતા. ગાડીનો સોદો કેન્સલ થતા હસમુખભાઈ સરખેજ થી અડાલજ આવી ગયા હતા. ત્યારબાદ મહેસાણા જવા માટે વાહનની રાહ જોઈને ઉભા રહ્યા હતા.તે સમયે એક ઈનોવા કાર આવી હતી. ડ્રાઈવર અને પાછળની સીટમાં ત્રણ વ્યકિત બેઠા હતા, જેથી




હસમુખભાઈ મહેસાણા જવા માટે ઈનોવા કારમાં બેઠા હતા.ત્યારબાદ તેમની બાજુમાં બેઠેલા વ્યકિતએ તેઓને એક-બે વાર આગળ પાછળ કર્યા હતા. ત્યારબાદ ભીડ પડતી હોવાનું કહીને ઈનોવા કાર ઉભી રાખીને તેમને પાછળની સીટમાં બેસવાનું કહ્યું હતું. જેથી હસમુખભાઈ પાછળ બેસવા માટે કારમાંથી નીચે ઉતર્યા હતા અને પાછળ દરવાજો ખોલે તે પહેલા જ ચાલકે ઈનોવા દોડાવી દીધી હતી. જેથી તેઓને શક જતા પેન્ટા ખીસ્સા ચેક કરતા અંદર રહેલા રોકડા રૂપીયા દોઢ લાખ ગાયબ હતા. ત્યારબાદ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાએ વિવિધ ટીમો સક્રિય કરી હતી. પોલીસની તપાસમાં ઈનોવા કારનો નંબર જી.જે.૨૧.એ.એ.-૭૫૯૩ હોવાનું સામે આવ્યું હતું. જેથી પોલીસે ઈનોવા કારના માલિક આદીલઉદ્દીન ઈલીયાસઉદ્દીન ફારૂકી તેમજ તેના પુત્ર આમીર ફારૂકી (બંન્ને રહે. તીરૂપતિનગર, ઉન સુરત )ને ગાંધીનગર લાવી હતી. પોલીસે બંન્ને ની યુકિત-પ્રયુકિતથી પુછતાછ કરતા આમીર ભાગી પડ્યો હતો અને તેણે ગુનાની કબુલાત કરી હતી. આમીરે જણાવ્યું હતું કે તા.૨૨ ઓક્ટોબરના રોજ તે સુરતના મિત્રો નવાઝ મોહમદખાન પઠાણ (રહે.સાહિલનગર ઉન સુરત), સમીર અનવર પીંજારી (તીરૂપતિ નગર ઉન) તેમજ તેમજ નવાઝના બે મિત્રો મોટર તેમ રણજીત મળીને ઈનોવા કારમાં પાલનપુર હાઈ વે તરફ નીકળ્યા હતા.અડાલજ પાસે નવાઝના કહેવાથી તેઓએ ફરીયાદીને બેસાડ્યા હતા. જેમાં નવાઝે ફરીયાદીના ખિસ્સામાંથી રૂપીયા કાઢી લીધા હતા. આરોપીઓ નાગરીકોને મુસાફર તરીકે બેસાડી નજર ચુકવી થેલામાંથી રૂપીયા કે દાગીના સેરવી લેવાની ટેવ ધરાવે છે. આમીર સામે સુરતમાં ચોરી અને જુગારધારા હેઠળ ગુનો અને નવાઝ સામે ચોરીના બે ગુના નોંધાયેલા છે. એલસીબી-૨ પોલીસે આરોપીને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ચંદ્રાલા પાસે બાઈક-ટ્રક વચ્ચે અકસ્માતમાં યુવતિનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨

સોમવારના રોજ સવારે હિંમતનગર-ચિલોડા હાઈ-વે પર ચંદ્રાલા પાસે ટ્રક -બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક પર સવાર યુવતિ નીચે પટકાતા ટ્રકનું ટાયર યુવતિના શરીર પર ફરી વળતા તેણી ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્ત યુવતિને પહેલા છાલા આરોગ્ય કેન્દ્ર અને ત્યારબાદ વધુ સારવાર માટે ગાંધીનગર સિવિલ ખાતે ખસેડાયા હતા.જયાં સવારે ૧૦ વાગ્યાના અરસામાં ડોકટરે યુવતિને મૃત જાહેર કરી હતી. બનાવ અંગે ચિલોડા પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.




મળતી વિગત મુજબ અમદાવાદ થલતેજ ખાતે રહેતા દિવ્યાબેન હિરેનભાઈ સથવારા પતિ સાથે બાઈક પર પ્રાંતિજ થી અમદાવાદ તરફ જઈ રહ્યા હતા. તે સમયે ચંદ્રાલા પાસે આવેલા પેટ્રોલ પંપ નજીક જી.જે.૦૨.ઝેડ-૫૦૯૬ નંબરના ટ્રક ચાલકે બાઈને પાછળથી ટક્કર મારતા બંને જણા નીચે માર્ગ પર પટકાયા હતા. જેમાં યુવતિના શરીર પરથી ટ્રકનું પૈડું ફરી વળ્યું હતું.જેમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવતિને પહેલા છાલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને વધુ સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. જયા ફરજ પરના ડોકટર દ્વારા યુવતિને ૧૦.૧૦ના સમયે મરણ જાહેર કરી હતી. ચિલોડા પોલીસે મૃતદેહને પીએમઅર્થે મોકલી આપ્યો હતો. બનાવ અંગે ચિલોડા પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. યુવતિના અચાનક મૃત્યુને પગલે સિવિલ હોસ્પિટલ ખાતે પરિવારના સભ્યો મોટીસંખ્યામાં ઉમટી પડ્યા હતા. ઉલ્લેખનીય છે કે ચિલોડા-હિંમતનગર હાઈ વે ઉબડ-ખાબડ બની ગયો છે. જેને પગલે કેટલાક સ્થળો પર માર્ગનું કામ ચાલી રહ્યું છે. તેમ છતા કેટલાક વાહનો બેફામ ગતિએ દોડતા નજરે પડે છે. ત્યારે બેફામ દોડતા વાહનચાલકો સામે પણ તંત્રએ દંડનીય કાર્યવાહી કરવાની જરુર છે.

# ગાંધીનગર મહાનગરપાલિકામાં સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૧નો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨

ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છ સર્વેક્ષણ દ્વારા ભારતભરના શહેરોનો સફાઈ, સેનિટેશન, જાહેર શૌચાલય, વ્યક્તિગત શૌચાલય, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ સહિતની બાબતોને આવરી લઈ દર વર્ષે જાન્યુઆરી માસમાં સર્વે કરી ક્રમાંક આપવામાં આવતો હોય છે.

**સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૧માં બાળકો, યુવાઓ અને વડિલોને જોડવામાં આવશે : મહાનગરપાલિકા દ્વારા ડ્રોઇંગ, મુવી અને જીંગલ મેકિંગ, સ્ટ્રીટ પ્લે કોમ્પિટીશન યોજાશે**

ગાંધીનગર મહાનગરપાલિકાએ સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૦માં ૧-૧૦લાખની વસ્તી ધરાવતાં શહેરોમાં રાષ્ટ્રીયકક્ષાએ ૮મો ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. વધુમાં સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૦માં ગાંધીનગર મહાનગરપાલિકાને ''બેસ્ટ સ્ટેટ કેપિટલ ઈન ઈનોવેશન એન્ડ પ્રેક્ટિસ'' માટે એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.

આ વર્ષે પણ ગાંધીનગર મહાનગરપાલિકા સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૧માં ઉચ્ચ ક્રમાંક પ્રાપ્ત કરે તે માટે ''સ્વચ્છ ગાંધીનગર''ના સુત્ર સાથે મહાનગરપાલિકા દ્વારા સમગ્ર મહાનગરપાલિકા વિસ્તારના બાળકો, યુવાઓ, વડિલો અને સંસ્થાઓને જોડવા માટે પોસ્ટર, ડ્રોઈંગ, મુવી મેકિંગ, જીંગલ મેકિંગ અને સ્ટ્રીટ પ્લે કોમ્પિટીશનનું આયોજન કરવામાં આવ્યું છે. ''સ્વચ્છ સ્પર્ધા''ના નામથી યોજાનારી આ સ્પર્ધાના આયોજન પાછળનો મુખ્ય હેતુ અત્યંત મહત્વના સ્વચ્છતાના મુદ્દે વધુ લોક જાગૃત્તિ કેળવવાનો છે. સાથે જ લોકોની સ્વચ્છતા સંબંધિ આદતોમાં સુધારો લાવવાનો આ પ્રકારે પ્રયાસ કરાશે અને પ્લાસ્ટિક મુક્ત શહેરના નારાને પણ બુલંદ કરાશે.

નાયબ મ્યુનિસિપલ કમિશનર પી.સી. દવેએ જણાવ્યું કે સ્વચ્છતાના વિવિધ વિષયને આવરી લેતી આ સ્પર્ધાના આયોજન થકી નગરવાસીઓને જોડીને સફાઈની મહત્તાને ઉજાગર કરવાની સાથે લોકોમાં વધુ જાગૃત્તિ કેળવવામાં આવશે. આગામી તારીખ ૧૦મી નવેમ્બર સુધી તેના માટે ઓનલાઈન અરજીઓ https://swachhspardha.page.link/participate પર સ્વીકારવામાં આવશે. વિજેતાઓને રોકડ પુરસ્કાર તથા આશ્વાસન ઈનામ આપવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યું છે.

# ઓનલાઈન ફ્રોડથી નાણાં ગુમાવ્યાને સાત મહિના પછી પણ રીફંડ માટે રઝળતો યુવાન

ગાંધીનગર, તા. ૨

તાજેતરમાં રાજ્યના પોલીસતંત્ર દ્વારા સાયબર ક્રાઈમ પર અંકુશ મેળવવા તેમજ સતત વધી રહેલા ઓનલાઈન, ફાઈનાશિયલ ફ્રોડથી નાગરિકોને સુરક્ષિત કરવા અનેકવિધ પગલાં લેવામાં આવી રહ્યાંની જાહેરાતો કરવામાં આવી હતી તેમજ ''સાયબર આશ્વત'' જેવી યોજનાઓ થકી ઓનલાઈન ઉચાપત કરતા ઠગોથી બેંકના ખાતા ધારકોને રક્ષણ મળશે તેવી ગુલબાંગો પણ પોકારવામાં આવી હતી. જોકે આ પછી પણ ઓનલાઈન ફ્રોડના કિસ્સામાં ઘટાડો કે નિયંત્રણ સાધી શકાયુ હોય તેવુ જણાતુ નથી અને દિવસે ને દિવસે વધુ ને વધુ નાગરિકો તેનો ભોગ બની પોતાના પરસેવાથી કમાયેલી મૂડીને પલવારમાં ગુમાવી રહ્યાં છે. એટલુ જ નહી પરંતુ જે નાગરિકોએ આ બાબતે ફરિયાદ નોંધાવી હોય તેમને પણ સાયબર પોલીસ રીફંડ અપાવવામાં કે ગુનાખોરોને ઝબ્બે કરવામાં છ-સાત મહિના થઈ જાય તો પણ સફળ થઈ શકતી નથી.

ગાંધીનગરમાં સમાવાયેલા વાવોલની કેશવપાર્ક સોસાયટીમાં રહેતા એક મધ્યમવર્ગીય યુવાનને પેટીએમ કેવાયસી કરી આપવાના બહાના તળે કોઈ અજાણ્યા ઉચાપતખોર દ્વારા ગત એપ્રિલ માસમાં રૂ. ૨૪ હજારની તેના બેંક ખાતામાંથી ઉચાપત કરી લેવામાં આવી હતી. આ બાબતે યુવાન દ્વારા પહેલા સે. ૭ પોલીસ સ્ટેશનમાં રજુઆત કર્યા બાદ પોલીસ સ્ટેશનેથી અપાયેલા નિર્દેશ અનુસાર ૧૦૦ નંબર પર ફરિયાદ નોંધાવી હતી.

જેના પગલે અમદાવાદ સાયબર ક્રાઈમ વિભાગમાંથી યુવાન પર ફોન આવ્યો હતો અને તેની ફરિયાદ આપનાર ક્રાઈમે હસ્ત કરી કાર્યવાહી શરૂ કરી હોવાનું જણાવાયુ હતુ. આ પછી થોડાક દિવસમાં સાયબર ક્રાઈમ વિભાગ દ્વારા એમેઝોન કંપનીમાં તેના નાણાં ફ્રીઝ કરાવી દીધા હોવાનું જણાવી તેને રૂ. ૨૧ હજારનું રીફંડ બેંક ખાતામાં પ્રાપ્ત થઈ જશે તેવી હૈયાધારણ અપાઈ હતી અને આ બાબતે ઈમેલની કોપી પણ યુવાનને મોકલી આપી હતી જેથી યુવાનને પોતાના ગુમાવેલા નાણાં પૈકી મોટાભાગના નાણાં પરત મળી જશે તેવી આશા બંધાઈ હતી. કોરોના લોકડાઉનના કપરા કાળમાં નાણાં ગુમાવ્યા પછી આ ઘટનાને સાત મહિના વિતવા છતાં હજુ સુધી તેના નાણાંનું રીફંડ પ્રાપ્ત થયુ નથી.

આ કેસમાં પોલીસ દ્વારા અપાયેલા નિર્દેશોનું પાલન કરાયાં બાદ વાવોલ પોલીસ ચોકીથી વેરીફિકેશન જેવી પ્રક્રિયા પણ પૂર્ણ કરી દેવાઈ છે. જેને પણ ઘણો સમય વીતવા આવ્યો છતાં હજુ યુવાનને તેના નાણાં ક્યારે પરત મળશે તે સ્પષ્ટીકરણ થતુ નથી અને સાયબર ક્રાઈમ વિભાગને પુછવામાં આવે તો સે. ૭ પોલીસને પુછો તેવો જવાબ મળે છે જ્યારે સે. ૭ પોલીસ સ્ટેશને કે વાવોલ ચોકીએ પુછવામાં આવે તો અમે તો બધી વિધી પતાવી દીધી છે હવે તમે સાયબર ક્રાઈમમાં પુછો કે તમારી બેંકમાં પુછો જેવા જવાબ મળે છે. યુવાને બેંકમાં પણ પુછ્યુ તો બેંકના અધિકારીઓએ કહ્યુ કે ત્યાંથી અમને રીફંડ મળશે તો અમે તમારા ખાતામાં જમા આપી દઈશુ, તમે પોલીસને પુછો કે ક્યારે રીફંડ આવશે તેવો જવાબ મળે છે. આમ યુવાન પોતાના નાણાંનું રીફડ સાત મહિને પણ મેળવી શક્યો નથી પરંતુ આ બાબતે તેને યોગ્ય જવાબ મળવાને બદલે માત્ર ''ચલક ચલાણી'' જ રમાડાતી હોય તેવું અનુભવાઈ રહ્યું છે.



બાળપણમાં સાયકલ ચલાવવાની જે મજા આવે છે તેની તો વાત જ નિરાળી હોય છે. ડગુમગુ થતી સાયકલ પર સવાર બાળક ખૂબ જ આનંદિત થઈ જાય છે. આ સાયકલનું જતન પણ તે ખૂબ જ ઉત્સાહભેર કરે છે. તસ્વીરમાં દેખાતું બાળક તેની નાનકડી સાયકલ લઈ માટીના ઢગલાં પર ચઢી ગયું છે. હવે તેને નીચે ઉતારવામાં તકલીફ પડી રહી છે તેમ છતાં તે હિંમત ભેગી કરી સાયકલને નીચે ઉતારી જ લે છે.

## સ્ટિંગ ઓપરેશન અંગે કોંગ્રેસે ફરિયાદ કરી હોવાનો ઈન્કાર

ગાંધીનગર, તા. ૨

ગુજરાતની ૮ વિધાનસભાની બેઠકો પર યોજાનારી પેટાચૂંટણીના પ્રચાર પડઘમ ગઈ કાલે શાંત પડી ગયા છે. સાંજે સાત વાગ્યે ચૂંટણી પ્રચાર થંભી ગયા હતા. બરાબર આ સમયે જ કોંગ્રેસે ભાજપ પર આકરા પ્રહાર કરી કોંગ્રેસે પૂર્વ સાંસદ અને પૂર્વ ધારાસભ્ય સોમાભાઈ પટેલનો એક સ્ટિંગ ઓપરેશનનો વીડિયો જાહેર કર્યો હતો જેમાં તેમણે ભાજપ સાથે પૈસા લઈને સોદાબાજી કર્યાની વાત સ્વીકારી હતી. ત્યારે આ મામલે કોંગ્રેસ અને ભાજપ સામસામે આક્ષેપ પ્રતિઆક્ષેપ કરી ગુજરાતના રાજકરણમાં ગરમાવો લાવી દીધો છે. જોકે આવતી કાલે મંગળવારે રાજ્યની ખાલી પડેલી આંઠ વિધાનસભા બેઠકો માટે ચૂંટણી યોજાવાની છે. ત્યારે મુખ્ય ચૂંટણી અધિકારી ડૉ.મુરલીક્રિષ્નનું નિવેદન સામે આવ્યું છે. મુખ્ય ચૂંટણી અધિકારી ડૉ.મુરલીક્રિષ્ને જણાવ્યું કે, અત્યાર સુધી રાજ્યમાંથી ૧ કરોડ રૂપિયાનો દારૂ ઝડપાયો છે. અને ભરૂચ પાસેથી ૨૫ લાખ રૂપિયાની રોકડ પણ ઝડપાઈ છે. ત્યાં જ ગઢડામાં પોલીસ અધિકારી સામે ફરિયાદ મળી આવી છે.

## ગુજરાતના જાણીતા કલાકાર આશિષ કક્કડનું નિધન

ગાંધીનગર, તા. ૨

ગુજરાતી રંગભૂમિના અભિનેતા - દિગ્દર્શક અને વોઈસ ઓવર આર્ટિસ્ટ આશિષ કક્કડનું આજે કલકત્તા ખાતે હૃદયરોગના હુમલાથી અવસાન થયું છે. સદ્ગતના અવસાનના સમાચારથી રાજ્યના કલાજગતમાં ઘેરાશોકની લાગણી પ્રસરી ગઈ હતી.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર**

**ટેન્ડર નોટીસ નં.૫/૨૦૨૦-૨૧ ઈ-ટેન્ડર આઈ.ડી. ૪૩૩૩૩૬**

મુખ્ય ઈજનેરશ્રી, પ્લા. અને મોની. શાખા, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી બોર્ડના અંદાજે ૫૦૦ હેડ વર્કસ પર બાયોમેટ્રીક એટેન્ડન્સ ડિવાઈસ પૂરા પાડી ઈન્સ્ટોલેશન કમીશન તથા ૨ વર્ષના મરામત સહિતના કામો માટે ઓનલાઈન ટેન્ડર માંગવામાં આવે છે. તા. ૨૯/૧૦/૨૦૨૦ પછી ટેન્ડર ડાઉનલોડ કરી શકાશે. ઓનલાઈન પ્રી-બીડ તા. ૧૨/૧૧/૨૦૨૦ના રોજ બપોરે ૧.૦૦ કલાકે તથા ઓનલાઈન સબમીશનની છેલ્લી તા. ૨૩/૧૧/૨૦૨૦, ૧૮:૦૦ કલાક સુધી છે. વધુ વિગતો માટે http://gwssb.nprocure.com તથા http://gwwssb.gujarat.gov.in વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડની હેલ્પલાઈન નં. ૧૯૧૬ પર સંપર્ક કરવા અનુરોધ છે.

માહિતી/૧૧૮૮/૨૦-૨૧

**કાટમાળની જાહેર હરાજી**

**રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુ.રા., ગાંધીનગર**

રાજ્ય પરીક્ષા બોર્ડ, સરકારી પુસ્તકાલયની પાસે, સેક્ટર-૨૧, ગાંધીનગર. બોર્ડની માલિકીના પાર્કિંગ સેડનો કાટમાળ, ગાડીઓના ટાયર, તેમજ રીપેર ન થઈ શકે તેવા જૂના ટ્યુબલાઈટ, પંખા, પ્રિન્ટર, ખુરશી જેવી વસ્તુઓનો વેચાણથી નિકાલ કરવાનો હોઈ ઉપરોક્ત કામટમાળનો તા. ૭/૧૧/૨૦૨૦ના રોજ ૧૨.૦૦ કલાકે આ કચેરી (ઉપર જણાવેલ સરનામે) ખાતે જાહેર હરાજી રાખવામાં આવેલ છે. કાટમાળ કચેરી સમય દરમિયાન જોઈ શકાશે. હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા ઈસમોએ તા. ૭/૧૧/૨૦૨૦ના રોજ ૧૦.૩૦ થી ૧૧.૩૦ કલાક સુધીમાં કાટમાળ માટે રૂ. ૫૦૦/- ડિપોઝીટ પેટે રોકડમાં જમા ભરવાના રહેશે. હરાજીની શરતો કચેરીના નોટીસ બોર્ડ પર મૂકવામાં આવેલ છે.

સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ,
ગાંધીનગર

માહિતી/૧૧૮૭/૨૦-૨૧